# ગુજરાતનો મહાસંગ્રામ 2012

## સિદ્ધપુર અને ડાકોરની સભામાં સોનિયા ગાંધીના પ્રહારો

# ભાજપ સરકાર ખેડૂતોને વીજળી આપવાને બદલે વેચી નાંખે છે

### કેન્દ્રની મદદ છતાં ૮ ટકા પરિવાર ગરીબી રેખાની ઉપર આવી શક્યા : કેન્દ્ર ગુજરાતને ૧૩૨૮ મેગાવોટ વીજળી આપે છે : ૪.૫ લાખ ખેડૂતો વિજળી વગર છે

અમદાવાદ, તા. ૧૦

ગુજરાતની સરકાર જનવિરોધી છે, ખેડૂતો, મહિલાઓ, કર્મચારીઓ સહિત તમામ વર્ગના લોકોને અન્યાય કરી રહી છે. કેન્દ્રની યુપીએ સરકાર પ્રતિવર્ષ ગુજરાતને ૧૩૨૮ મેગાવોટ વીજળી આપે છે. રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ ગુજરાતને રૂપિયા ૧૮૦૦ કરોડ આપ્યા છે. કેન્દ્ર સરકાર ગુજરાતને કૃષિ માટે વધારાની વીજળી આપે છે પણ ગુજરાત સરકાર ઊંચા ભાવે ૮૩૫ મેગાવોટ વીજળી વેચી નાંખે છે. કેન્દ્રની મદદ હોવા છતાં ૪.૫ લાખ ખેડૂતો વીજળીથી વંચિત છે તેમ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ આજે ઉત્તર ગુજરાતના સિદ્ધપુર ખાતે જંગી જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું.

સિદ્ધપુરમાં આજે સોનિયા ગાંધી જાહેરસભામાં તેમના નિર્ધારિત સમય કરતાં બે કલાક મોડા આવ્યા હતા. હજારોની સંખ્યામાં ઉમટેલી જનમેદનીને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે, સિદ્ધપુરની ધરતી સિદ્ધરાજ જયસિંહ અને બહાદુરોની છે. આ ધરતીના લોકોને હંમેશા કંઇ કરવાની ભાવના રહેલી છે. આ વિસ્તારના ખેડૂતો વીજળી અને પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ માટે કોણ જવાબદાર છે તે જણાવવાની જરૂર નથી. ગુજરાત સરકાર દેશમાં સૌથી વધુ વેટ ઉઘરાવે છે છતાં ગુજરાતમાં ૪૫ ટકા બાળકો કૂપોષણથી પીડાઇ રહ્યા છે તેમજ રાજ્યમાં માત્ર ૮ ટકા પરિવારો જ ગરીબી રેખાની ઉપર આવી શક્યા છે. ગુજરાતમાં ૧૦ લાખ યુવાનો બેરોજગાર છે. ગુજરાતના પોલીસકર્મીઓને ફિક્સ પગારના નામે શોષણ કરવામાં આવી રહ્યું છે. એનડીએની સરખામણીએ યુપીએ સરકારે ગુજરાતને ૫૦ ટકાથી વધુ ફંડ આપ્યું છે. કેન્દ્રના ફંડમાંથી ૧૬ ટકા રકમ માત્ર એક જ વિધાનસભા માટે ખર્ચાઇ છે. શું આ ગુજરાતના અન્ય વિસ્તારો સાથે ઘોર અન્યાય નથી. તેમણે કહ્યું હતું કે, કેગના અહેવાલ પ્રમાણે ગુજરાતમાં વીજળી, પાણી, સહિતની અનેક યોજનાઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર કરાયો છે. ગુજરાતમાં આરોગ્ય, શિક્ષણ સેવાઓ કથળી છે. કાયદો-વ્યવસ્થા બેહાલ છે. લોકો પોતાને અસુક્ષિત અનુભવે છે. યાત્રાધામ ડાકોર ખાતે જંગી જાહેર સભાને સંબોધતા સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સહકારી ક્ષેત્રને લીધે શ્વેતક્રાંતિ કોંગ્રેસના સમયમાં આવી છે. આ વિસ્તારના ૮૦ટકા લોકો ગામડાંઓમાં વસે છે. મહી નદીના પાણીમાંથી વીજળી મળી રહે તે માટે કેન્દ્ર સરકારે યોગદાન પણ આપ્યું છે. પરંતુ ભાજપ સરકારની નીતિને લીધે હજુ એ શક્ય બન્યું નથી. પ્રજાએ પરિવર્તન લાવવાનો સમય પાકી ગયો છે. સોનિયા ગાંધીએ પવિત્ર યાત્રાધામ ડાકોર અને સિદ્ધપુરમાં વિશાળ જાહેરસભાઓ સંબોધી હતી અને તમામ મુદ્દાઓ પર ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના નેતાઓ ગુજરાતના લોકોની સાથે હંમેશા રહ્યા છે અને ગુજરાતમાં સહકારી ક્ષેત્રને લીધે શ્વેતક્રાંતિ કોંગ્રેસના સમયમાં આવી છે.

## સોનિયા ગાંધીએ શું કહ્યું...

- ખેડૂતો વિજળી અને પાણી માટે વલખા મારી રહ્યા છે
- યુપીએ સરકારે ખેડૂતોને કરોડોનું વ્યાજ માફ કર્યુ છે
- અનેક સુવિધા આપી હોવા છતાં ગુજરાતના ખેડૂતો બેહાલ છે
- ગુજરાત સરકાર દેશમાં સૌથી વધુ વેટ ઉઘરાવીને કરોડોની કમાણી કરી રહી છે
- ગુજરાતમાં ૪૫ ટકા બાળકો કુપોષણથી ગ્રસ્ત છે
- ગુજરાતના માત્ર આઠ ટકા પરિવારો જ ગરીબીરેખાની ઉપર જ આવી શક્યા છે
- ગુજરાતના ૧૦ લાખ યુવાનો બેરોજગાર છે
- ગુજરાતના પોલીસ કર્મીઓ અને શિક્ષકો તથા સરકારી કર્મચારીઓ ફિક્સ પગારના નામે શોષણનો શિકાર
- એનડીએ સરકારે ગુજરાતને યુપીએ કરતા ૫૦ ટકા ઓછું ફંડ આપ્યુ છે
- પંચાયતમાં કોંગ્રેસે મહિલાઓને ૫૦ ટકા અનામત આપ્યુ છે
- કેન્દ્ર સરકાર દર વર્ષે ગુજરાતને ૩૧૨૮ મેગાવોટ વિજળી આપે છે
- કેન્દ્રની મદદ હોવા છતાં ૪.૫ લાખ ખેડૂત વિજળી વગર છે
- કેગના અહેવાલ મુજબ ગુજરાતમાં વિજળી અને પાણીની યોજનાઓમાં ભ્રષ્ટાચાર છે
- ભાજપ સરકારની નીતિ નિર્દેશોને કનડગત કરવાની છે

## નરેન્દ્ર મોદીના શાસનમાં મૂડીવાદીને ફાયદો થયો : મનીષ તિવારી

અમદાવાદ, તા. ૧૦

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રી મનીષ તિવારીએ આજે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારના ૧૧ વર્ષના શાસનમાં તેમણે પ્રજા લક્ષી કોઇપણ કામ કર્યા ન હોવાથી તેઓ હિસાબ આપી શકે તેવી સ્થિતિમાં નથી. પરિણામે પ્રજાનું ધ્યાન મુખ્ય મુદ્દાઓ, સમસ્યાઓમાંથી હટાવવા જે મુદ્દાઓ જ નથી તેને ઉઠાવવાના વ્યર્થ પ્રયત્નો કરી રહી છે.

તેમણે કહ્યું હતું કે, ખરેખર તો ભાજપ સરકારના ૧૧ વર્ષના શાસનમાં ગરીબ અને મધ્યમ વર્ગ માટે કોઇ જ નવું કાર્ય કરવામાં આવ્યું નથી. માત્રને માત્ર અમુક મૂડીપતિઓનો જ વિકાસ કરવામાં આવ્યો છે તેમ છતાં ગુજરાતના મુખ્યમંત્રી વિકાસના પોકળ દાવાઓ કરી રહ્યા છે. ભાજપની સરકારે સિમિત મૂડીપતિઓના વિકાસની સાથે વિદેશ કંપની-જીઓ ગ્લોબલને રૂા. ૨૦,૦૦૦ કરોડ જેટલો ફાયદો કરાવ્યો છે. આ અમુક મૂડીપતિઓ-વિદેશી કંપનીઓને ફાયદો ગુજરાતની ૬ કરોડ જનતાની મહેનતની કમાણીમાંથી કરવામાં આવ્યો છે. જો ગુજરાતના મુખ્યમંત્રી ગુજરાતની ૬ કરોડ પ્રજાનું હિત કરવા માંગતા હોય તો અમુક માનીતા ઉદ્યોગપતિઓને બદલે ગરીબોની ચિંતા કરી તેઓને માટે રહેવાના મકાન, રોજગારી, શિક્ષણ વગેરે ઉપલબ્ધ કરી ગુજરાતની પ્રજાની સેવા કરી હોત. પરંતુ વિકાસના નામે ગુજરાતની પ્રજાને છેતરવાનો પ્રયત્ન કર્યો છે. જો ખરેખર ગુજરાત રાજ્યનો વિકાસ થયો હોય તો રૂા. ૧,૪૦,૦૦૦ કરોડનું દેવું કેમ છે? જન્મ લેતા દરેક ગુજરાતી પર રૂા. ૨૪,૪૬૧ કરતાં વધુ દેવા સાથે જન્મ લે છે. મનિષ તિવારીએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં રાઈટ ટુ એજ્યુકેશનના કાયદો લાગુ કરવામાં આવ્યો છે. પરંતુ ગુજરાત સરકાર એનો અમલ કેમ નથી કરતી?

ગુજરાતના નાગરિકોએ એ પૂછવું જોઇએ કે ગુજરાતના દરેકના માથે અત્યારે રૂા. ૨૪૪૬૧ જેટલું દેવું કેમ છે? હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્સમાં ગુજરાત ૮ મા સ્થાને કેમ છે? ગુજરાતની ૫૫ ટકા મહિલાઓ-માતાઓ-બહેનો કુપોષણથી પીડીત કેમ, ગુજરાતમાં લાખો લોકો બેઘર કેમ, ગુજરાતમાં માથાદીઠ આવકમાં ગુજરાત ૮મા નંબરે કેમ, અને સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડ્યુસમાં ગુજરાત રાજ્ય ૫ નંબરે કેમ. તિવારીએ જણાવ્યું હતું કે આ પ્રકારના કાર્યો કરીને ભાજપ સરકારે સાચા અર્થમાં રાજધર્મ નિભાવવો જોઇએ.

## ૧૨-૧૨-૧૨ની યુતિ સૂચવે છે કે ભાજપ સરકારને કાઢો બહાર : કેશુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના મતદારો ભાજપ અને નાટકીય મુખ્યમંત્રીને બહાર કાઢશો તો જુઠ્ઠાણા ને ગપ્પાબાજી સિવાય કાઈ ગુમાવવાનું નથી. આ સરકારે ૧૧ વર્ષમાં સામાન્ય નાગરિકનું કાંઈ ભલું કર્યું નથી. એમ કેશુભાઈ પટેલે જણાવ્યું છે.

કેશુભાઈ પટેલે પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે મંત્રીઓની મિલકતમાં ૫૦૦ થી ૧૦૦૦ ટકાનો વધારો થયો છે જ્યારે તમને કોઈ રાહત મળી નથી. ઉલટાનું તમારા ટેક્ષનો બોજ ૧૦ વર્ષમાં પાંચગણો વધી ગયો છે.

મોદી અને ભાજપ સરકારના પાપે શિશુપાલની ગાયોની જેમ તેમની મર્યાદા વટાવી દીધી છે. હવે તો મતરૂપી સુદર્શનથી તેમના અહંકારને પાડવો જ પડે એમ તેમણે જણાવ્યું છે. કેશુભાઈએ જણાવ્યું છે કે જે સ્થાન પર જીવરાજ મહેતા અને બાબુભાઈ જશભાઈ પટેલ જેવા સજ્જન પુરૂષો બેસતા હતા તે પવિત્ર સ્થાનને તે ગરિમાયુક્ત પદને આ માણસે અભડાવ્યું છે. આપણે હંમેશા ગુજરાતની ઓળખાણ એ રીતે આપીએ છીએ કે આ ગાંધી સરદારનું ગુજરાત છે. ગાંધીજી એક ટચલી આંગણી જેટલી પેન્સિલ ખોવાઈ જાય તો આખો દિવસ તેની શોધખોળ કરતા હતા.

સરદાર પટેલ તો એવું સાદગીપૂર્ણ જીવન જીવ્યા હતા કે તેઓ પાસે હંમેશા બે જોડી કપડા જ રહેતા હતા એવા સંસ્કારી ગુજરાત પર એક એવો માણસ ચઢી બેસે કે જે પ્રજાના અબજો રૂપિયા માત્ર પોતાની વાહ-વાહ કરવા તથા જુઠ્ઠાણા ફેલાવામાં વાપરી નાંખે છે. અન્ના હજારે ગુજરાત આવ્યા ત્યારે તેમણે કહ્યું કે મોદીના ગુજરાતમાં દૂધની નહિ દારૂની રેલમછેલ છે. કેશુભાઈએ અંતમાં જણાવ્યું છે કે પ્રજા હવે વિચારીને મતદાન કરે અને ભાજપને વિદાય આપે.

## કોઈ 'કોઈપણ' બાબતે કચાશ રાખવા માગતું નથી

# ચૂંટણી પ્રચાર અને લોકસંપર્કનો દોર પરાકાષ્ટાએ

ચૂંટણી હવે આવી જ પહોંચી છે ત્યારે એમાં કોઈ કચાશ ન રહી જાય એની પુરી તકેદારી વિવિધ



પક્ષો અને ખાસ કરીને ઉમેદવારો રાખી રહ્યા છે, જેના કારણે પ્રચાર અને લોકસંપર્કનાં પરંપરાગત અને નવાં માધ્યમોનો સુભગ સમન્વય જોવા મળી રહ્યો છે અને આ બધાં માધ્યમો સંગ મળીને ચૂંટણી પ્રચારનો દોર પરાકાષ્ટાએ પહોંચી ગયો છે.

ચૂંટણી પ્રચારની શરૂઆત સવારના અખબારથી થઈ જાય છે. અખબારોમાં પક્ષો, ઉમેદવારોની જાહેરખબરો (જેમાં મોટાભાગે સામેવાળા પક્ષ ઉપર કરાયેલા આક્ષેપો જ હોય છે, પોતાની વાત નહીં!) એમાં જોવા મળે છે, ઊડીને આંખે વળગે એટલી મોટી સાઈઝમાં. એ ઉપરાંત અખબારોમાં પેઈડ-અનપેઈડ ન્યૂઝ પણ ખરા અને અખબારોનાં પોતાનાં વિશ્લેષણો પણ. સીધી કે આડકતરી રીતે એ મતદારોને કોઈ દિશા તરફ દોરી જવાનો પ્રયાસ કરતા હોય એવું તો લાગે જ.

અખબાર વાંચીને હજુ બાજુ ઉપર પણ ન મૂક્યું હોય કે બહાર ફરતી રીક્ષામાં ગીતો વાગતાં હોય એમ સંભળાય ને વચ્ચે વચ્ચે ઉમેદવારનો પ્રચાર તો ચાલુ જ હોય. આમ સામાન્ય રીતે પ્રસિદ્ધ ફિલ્મી ગીતો પ્રચારની રીક્ષાઓમાં વગાડવાનો ટ્રેન્ડ હતો, પરંતુ આ વખતે એ ટ્રેન્ડ બદલાયો છે. મોટા પક્ષોએ જાણીતી ધૂનો પરથી ને નવી ધૂનો પરથી પણ પોતાના પક્ષનાં ગીતો બનાવી નાંખ્યાં છે અને એ ગીતો જ આજકાલ કાને અફળાય છે.

રીક્ષાઓમાં વાગતાં ગીતો શું કહી ગયા એ વિચારીએ એ પહેલાં સ્થાનિક ઉમેદવારોનો લોક સંપર્ક ચાલુ થઈ જાય છે. પાંચ વર્ષ, દસ વર્ષ કે પંદર વર્ષ સુધી આપણી સોસાયટી કે મહોલ્લામાંય ન દેખાયેલા ઉમેદવાર છેક આપણા ઘર સુધી પહોંચી જાય છે અને બહુ વિનમ્રતાપૂર્વક (કાશ! સત્તા ઉપર રહીને પણ તેઓ આટલી વિનમ્રતા રાખી શકે!) પોતાનો પરિચય આપે છે, પોતાને મત આપવાની ટૂંકી વિનંતી કરે છે અને આગળ વધી જાય છે. એની સાથેના સાથીદારો હેન્ડબિલ, પ્રચાર સાહિત્ય આપવાનું ને ફરી ફરીને મત આપવાનું યાદ કરાવી જાય છે. હા, લોક સંપર્કમાં આ સાથીદારોનો ફાળો પણ બહુ મહત્ત્વનો - સ્થાનિક લોકો એમાં દેખાય. જેમને આપણે ભલે ન ઓળખતા હોઈએ પણ એ તો આપણને ઓળખતા જ હોય! 'કુંતલભાઈ! ઓળખું છું, ગાંધીનગર સમાચાર ને! આપણે મળેલા છીએ યાર!'

> **પાંચ વર્ષ, દસ વર્ષ કે પંદર વર્ષ સુધી આપણી સોસાયટી કે મહોલ્લામાંય ન દેખાયેલા ઉમેદવાર છેક આપણા ઘર સુધી પહોંચી જાય છે અને બહુ વિનમ્રતાપૂર્વક (કાશ ! સત્તા ઉપર રહીને પણ તેઓ આટલી વિનમ્રતા રાખી શકે !) પોતાનો પરિચય આપે છે, પોતાને મત આપવાની ટૂંકી વિનંતી કરે છે અને આગળ વધી જાય છે**

### ચૂંટણી ચકરાવો

એ કાફલો પસાર થઈ જાય ને સમાચાર માટે ટીવી કે રેડિયો ઓન કરીએ તો એના ઉપર પણ ચૂંટણીની જ વાતો, જાહેરખબરો, ગીતો ને સમાચારો સંભળાય.

તૈયાર થઈને બહાર નીકળીએ તો પોસ્ટર્સ, બેનર્સ અને જાહેર જગ્યાએ પણ ચૂંટણીના રસિયાઓ આડકતરો પ્રચાર શરૂ કરી જ દે. વિવિધ કચેરીઓમાં, જાહેર સ્થાનો પર અને ઈન્ટરનેટ જેવા અદ્યતન માધ્યમોમાં પણ ચૂંટણીનો જ પ્રચાર દેખાયા કરે. સમગ્ર વિશ્વ જાણે ચૂંટણીમય બની ગયું હોય એવું આપણને લાગે. ઠંડી, અર્થકારણ, આતંકવાદ, વિકાસદર કે શેર બજારને જાણે કોઈ યાદ જ કરતું નથી. સૌને ચૂંટણીની જ પડી છે.

ચૂંટણી પ્રચારનાં આધુનિક માધ્યમોની વચ્ચે પરંપરાગત માધ્યમો પણ પાછળ રહ્યાં નથી. હજુય ગામડાઓમાં નાટકો, શેરી નાટકો અને ડાયરાઓનું સામ્રાજ્ય ચાલુ છે. આવા કાર્યક્રમો માટે લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે, સરળતાથી એકત્ર થઈ જાય છે અને એમનું મનોરંજન કર્યા પછી એમને પોતાની વાત સમજાવવી સરળ પડે એવો તર્ક પણ ખરો! એટલે આવાં માધ્યમોનું ચલણ પણ ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં ચાલી રહ્યું છે.

> **ચૂંટણી પ્રચારનાં આધુનિક માધ્યમોની વચ્ચે પરંપરાગત માધ્યમો પણ પાછળ રહ્યાં નથી, હજુય ગામડાઓમાં નાટકો, શેરી નાટકો અને ડાયરાઓનું સામ્રાજ્ય ચાલુ છે, આવા કાર્યક્રમો માટે લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે, સરળતાથી એકત્ર થઈ જાય છે અને એમનું મનોરંજન કર્યા પછી એમને પોતાની વાત સમજાવવી સરળ પડે એવો તર્ક પણ ખરો !**

શહેરી વિસ્તારોમાં ઑડિયો-વિડીયો પ્રચાર કરતી આધુનિક વેન જોવા મળે છે, જે દિવસભર વિવિધ વિસ્તારોમાં ફરીને પ્રચાર કર્યા કરે છે. યુવા વર્ગ જિજ્ઞાસાથી પ્રેરાઈને આવી વેનનો લાભ લે છે અને વેનનું કામ થઈ જાય છે.

એ જ રીતે શહેરી અને ગ્રામ બંને વિસ્તારોમાં સિલ્વર સ્ક્રીનનું આકર્ષણ પણ ચૂંટણીમાં ખૂબ ઉપયોગમાં લેવામાં આવે છે. ટીવી કે ફિલ્મના પ્રસિદ્ધ કલાકારોની આખી ફોજ આ કામમાં લગાવી દેવાય છે. એક વિસ્તારમાં એક અભિનેતા તો બીજા વિસ્તારમાં એક અભિનેત્રી. મતદારોને આકર્ષવાનો એક પણ મૉકો કોઈ ચૂકવા માંગતું નથી.

> **પરિચય, ઓળખાણ, સગપણ, સહઅધ્યાય, સત્સંગ, સહકર્મ કે સહવાસ - બધું જ કામે લગાવવામાં આવે છે અને પોતાના મતોની સંખ્યા વધારવા માટે મરણિયો પ્રયાસ કરવામાં આવે છે**

દિવસભર આ બધી મથામણો કર્યા પછી રાત્રિના સમયે પણ ઉમેદવારો અને ટેકેદારો શાંતિથી બેસતા નથી. રાત્રે ચાલે છે જૂથબંધી અને સમાજના અગ્રણીઓનો દોર. વિવિધ સમાજના અગ્રણીઓને એમના સ્થાને જઈને ઉમેદવારો અને ટેકેદારો મળે છે અને પોતાની વાત 'સમજાવવાનો' પ્રયાસ કરે છે. સમાજ અગ્રણીના કદ મુજબ એને 'વિનંતી' પણ કરવામાં આવે છે અને પોતાના પક્ષે મતદાન કરવા, કરાવવા માટે 'અપીલ' કરવામાં આવે છે.

ગ્રામ વિસ્તારોમાં આ કામ માટે ઓટલા બેઠકો ને ખાટલા બેઠકોનો દોર ચાલે છે. અગ્રણીઓને એક સ્થાને એકત્ર કરીને ઉમેદવાર તથા ટેકેદારો પહોંચી જાય છે અને પછી દોર ચાલે છે સમજૂતીનો. આક્ષેપો, પ્રતિઆક્ષેપો થાય છે, રોષ પણ પ્રગટ થાય છે, પણ છેવટે 'ઘીના ઠામમાં ઘી પડી રહે છે' અથવા તો એવો દેખાવ ઊભો થાય છે! અલબત્ત, ઉમેદવાર પોતાનો પક્ષ રજૂ કરવાનું ચૂકતા નથી. ચૂંટણીમાં ઉમેદવારી કરી હોય એ પહેલાંથી એમને આવી બધી બાબતોનો અંદાજ હોય જ છે એટલે એ હાર માનતા નથી. અને આમ પણ અહીં 'શરમ કરી એ હાર્યો' એવું સૂત્ર કામ કરે છે એટલે જ્યાં પાંચ-પચ્ચીસ મતોની પણ શક્યતા દેખાય ત્યાં વિના શરમે પહોંચી જવું એ શિરસ્તો અપનાવવામાં આવે છે.

પરિચય, ઓળખાણ, સગપણ, સહઅધ્યાય, સત્સંગ, સહકર્મ કે સહવાસ - બધું જ કામે લગાવવામાં આવે છે અને પોતાના મતોની સંખ્યા વધારવા માટે મરણિયો પ્રયાસ કરવામાં આવે છે. પોતાના પરિચિતોના પરિચિતો પણ પોતાના વિસ્તારમાં કેટલા છે અને એમને કેવી રીતે 'એપ્રોચ' કરી શકાય એ મુદ્દો પણ ઉમેદવારોએ સોલ્વ કરી લીધો છે અને એ મામલે કામ પણ શરૂ કરી દીધું છે. વાયા-વાયા ઓળખાણો કાઢીને પણ મતદારોને મનાવવા ને સમજાવવાના અવિરત પ્રયાસો થઈ રહ્યા છે.

અને હા, તમારી પાસે પ્રચાર માટે ને મતો વધારવા માટે કોઈ સૉલીડ ઉપાય હોય તો ગમે તે પક્ષમાં તમારું સ્વાગત છે! અત્યારે વ્યક્તિ કોણ છે એ નથી જોવાતું, એની પાસેનો ઉપાય કેટલો સચોટ છે એ જોવામાં આવે છે. એટલે એવી કોઈ સ્કીલ હોય તમારી પાસે તો પક્ષો સ્વાગત માટે તૈયાર ઊભા છે. આ સિઝનલ કામ કરી લેવાય ઘણા લોકો કામે લાગ્યા છે! બોલો, ચૂંટણી મૈયા કી જય!

